# ઘઉંની મુસાફરી



# ઘઉંની મુસાફરી

**ચિત્રનો ઉપયોગ કેવી રીતે કરવો - શિક્ષકો / વાલીઓ માટે કેટલાક મહત્ત્વના મુદ્દા:**
ચિત્ર-વાંચનમાં બાળકો ચિત્રો સાથે જોડાય તે જરૂરી છે. આ ચિત્ર-વાંચન પ્રવૃત્તિ બાળકોની દ્રશ્ય બોધને પ્રોત્સાહિત કરે છે. તેમાં અનુમાન લગાવવું, કલ્પના શક્તિનો વિકાસ, ઘટનાઓના ક્રમ નક્કી કરવા, અર્થ તારવવો અને અવલોકનના માધ્યમ દ્વારા વિચારો વ્યક્ત કરવા સામેલ છે. ચિત્ર-વાંચન મૌખિક ભાષાના વિકાસની તકો પણ પૂરી પાડે છે.

**ચિત્ર શું બતાવે છે?**
ચિત્રમાં ખેતરમાંથી આપણી થાળી સુધીની ઘઉંની સફર દર્શાવવામાં આવી છે. અહીં ખેડવું, વાવણી, ખાતર, સિંચાઈ, લણણી, સંગ્રહ, દળવા, વેચવા અને ખરીદવા, લોટ બાંધવો અને રાંધવાની પ્રક્રિયાને ચિત્રમાં વિવિધ તબક્કાઓ દ્વારા દર્શાવવામાં આવી છે. ચિત્રો દ્વારા બાળકોને પાક ઉત્પાદનની પ્રક્રિયાને સ્પષ્ટ રીતે સમજાવી શકાય છે. બાળકો સચિત્ર પ્રસ્તુતિઓની સાથે શીખવાનો આનંદ માણશે અને તે પણ સમજશે કે ખેડૂતોની અથાક મહેનત દ્વારા આપણને કેવી રીતે ભોજન મળે છે.
નીચેના ચર્ચાના મુદ્દાઓ બાળકના શિક્ષણને સુવિધાજનક બનાવવામાં શિક્ષકો / વાલીઓને મદદરૂપ થઈ શકે છે.

**ચિત્રો પર આધારિત નવું શબ્દભંડોળ:**
**(ક) ખેતીમાં સામેલ પ્રક્રિયા-**

| | |
|---|---|
| ૧. માટીની તૈયારી / જમીનનું ખેડાણ | ૬. લણણી |
| ૨. વાવણી | ૭. થ્રેસિંગ (દાણાં છૂટા પાડવા) |
| ૩. બિયારણ અને ખાતર ઉમેરવું | ૮. પેકિંગ અને બજાર સુધીનું પરિવહન |
| ૪. સિંચાઈ | ૯. સંગ્રહ |
| ૫. નિંદણ | ૧૦. અનાજને દળવું |

**(ખ) બજારથી મારી થાળી સુધી:**

| | |
|---|---|
| ૧. લોટ ખરીદવો | ૩. રોટલી શેકવી |
| ૨. કણક બાંધવો | ૪. રોટલી પીરસવી |

**ચાલો જાણીએ ( ચિત્રોના આધારે)**
૧. આ ચિત્રમાં શું થઈ રહ્યું છે ?
૨. સ્ટેન્ડમાં કેટલી ચમચીઓ છે ?
૩. ટ્રેક્ટરમાં કેટલી બોરીઓ (ગુણ) રાખવામાં આવી છે ?
૪. ચિત્રમાં ખેતરથી થાળી સુધી ઘઉંની સફરના કેટલા પગલાં દર્શાવવામાં આવ્યા છે ?
૫. પ્રથમ ચિત્રમાં ખેડૂત શું કરી રહ્યો છે ?
૬. ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ અને જવાબ આપો કે આપણે લોટનો કણક બાંધવા માટે શું જોઈએ?
૭. પાક લણવાથી લઈને તમારી થાળીમાં રોટલી પીરસાય ત્યાં સુધીની પ્રક્રિયા શું છે ?

**ચાલો ચર્ચા કરીએ ( ચિત્ર સિવાયની )**
૧. ખેતીનો પ્રથમ તબક્કો શું છે ?
૨. તમને શું લાગે છે કે રોટલી કઇ વસ્તુમાંથી બને છે ?
૩. જો ખેડૂત બીજ ન વાવે તો શું થાય ?
૪. શું આપણે ખેતરમાંથી આવેલા ઘઉં જેવા હોય તેવા ખાઈ શકીએ ?
૫. શું તમે ક્યારેય ખેતરમાં કોઈ પાક જોયો છે ? જો હા, તો તેનું નામ જણાવો.

**માતા-પિતા/શિક્ષકો માટે અન્ય સૂચનો:**
• ચિત્રના આધારે, તમે બાળક સાથે ચર્ચા કરી શકો છો કે આપણા ઘરમાં આવતા અન્ય અનાજ કે ખાદ્યપદાર્થો કેવી રીતે ઉગાડવામાં આવે છે?
• તમે બાળકને ચિત્રોમાંથી વાર્તા બનાવવા માટે મદદ કરી શકો છો.
• તમે બાળકને ચિત્રોમાં બતાવેલ દ્રશ્યો પર અભિનય કરવા માટે પણ પ્રોત્સાહિત કરી શકો છો.

***चित्र का उपयोग कैसे करें- शिक्षकों / अभिभावकों के लिए कुछ बिंदु***
*चित्र पठन में बच्चों को चित्र के साथ जोड़ना शामिल है। चित्र पठन की यह गतिविधि बच्चों को दृश्य बोध के लिए प्रोत्साहित करती है। इसमें अनुमान लगाना, कल्पनाशक्ति का विकास, घटनाओं का अनुक्रमण, अर्थ बनाना और अवलोकन के माध्यम से विचारों को व्यक्त करना शामिल है। चित्र पठन मौखिक भाषा के विकास के अवसर भी प्रदान करता है।*

***चित्र क्या दर्शाता है?***
*चित्र में खेत से हमारी थाली तक गेहूँ के सफ़र को दर्शाया गया है। यहाँ विभिन्न चरणों के माध्यम से चित्र में जुताई, बुआई, खाद डालना, सिंचाई, कटाई, भंडारण, पिसाई, बिक्री और खरीदना, आटा गूँधने और पकाने की प्रक्रिया को चित्रित किया गया है। चित्र के द्वारा बच्चों को फ़सल उत्पादन की प्रक्रिया को सशक्त रूप से दिखाया जा सकता है। बच्चे चित्रात्मक प्रस्तुतियों के साथ सीखने का आनंद लेंगे और यह भी समझेंगे कि किस प्रकार से किसानों के प्रयास से हमें भोजन प्राप्त होता है।*
*निम्नलिखित चर्चा बिंदु बच्चे की शिक्षा को सुविधाजनक बनाने में शिक्षकों/माता-पिता की सहायता कर सकते हैं*

***चित्र पर आधारित नई शब्दावली***
***(क) खेती में शामिल प्रक्रिया-***

| | |
|---|---|
| *1. मिट्टी की तैयारी/जुताई* | *6. कटाई* |
| *2. बुआई* | *7. गाहना* |
| *3. खाद और उर्वरक डालना* | *8. पैक करना और बाज़ार तक ले जाना* |
| *4. सिंचाई* | *9. भंडारण* |
| *5. निराई* | *10. अनाज की पिसाई* |

***(ख) बाज़ार से मेरी थाली तक-***

| | |
|---|---|
| *1. आटा खरीदना* | *3. रोटी पकाना* |
| *2. आटा गूंधना* | *4. रोटी परोसना* |

***चलो पता करते हैं (चित्र के आधार पर)***
*1. इस चित्र में क्या हो रहा है?*
*2. स्टैंड में कितने चम्मच हैं?*
*3. ट्रैक्टर में कितनी बोरियाँ रखी गई हैं?*
*4. चित्र में कितने चरण हैं?*
*5. पहले चित्र में किसान क्या कर रहा है?*
*6. चित्र को ध्यान से देखो और उत्तर दो कि हमें आटा गूँधने के लिए क्या चाहिए?*
*7. फ़सल काटने से लेकर रोटी को अपनी थाली में लाने तक के चरण क्या हैं?*

***चलो चर्चा करें (चित्र से परे)***
*1. खेती का पहला चरण क्या है?*
*2. आपको क्या लगता है कि रोटी किस चीज़ से बनती है?*
*3. किसान बीज नहीं बोएगा तो क्या होगा?*
*4 . क्या हम खेत से आया गेहूँ ज्यों का त्यों खा सकते हैं?*
*5. क्या आपने कभी खेत में कोई फ़सल देखी है? यदि हाँ, तो उसका नाम बताइए।*

***माता-पिता / शिक्षकों के लिए अन्य सुझाव***
· *चित्र के आधार पर आप बच्चे के साथ यह भी चर्चा कर सकते हैं कि हमारे घर में आने वाली अन्य फ़सलें या खाद्य पदार्थ कैसे उगाए जाते हैं?*
· *आप चित्र से कहानी बनाने में बच्चे की सहायता कर सकते हैं।*
· *आप बच्चे को चित्र में दिखाए गए दृश्यों पर अभिनय करने के लिए भी प्रोत्साहित कर सकते हैं।*

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.